**પોલીસ અધિક્ષકની કચેરી ખેડા-નડીયાદ**

**જિલ્લા પોલીસ ગેઝેટ નં.૪૯/૨૦૧૨**

**તા.૦૩/૧૨//૨૦૧૨ થી તા.૦૯/૧૨/૨૦૧૨ સુધી**

---

## (૧) રજા વિભાગ

**(૨૬૪) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/પ્રા.રો.રૂ/૨૫૬૫૨/૨૦૧૨ તા.૦૪/૧૨/૧૨**

ડાકોર પો.સ્ટે. ખાતે ફરજ બજાવતાં અનાર્મ પો.કો. ભીખુમીંયા રસુલમીંયા બ.નં.૧૪૫૦નાઓ તા.૩૦/૧૧/૨૦૧૨ નારોજ વય નિવૃત થયેલ હોય, ઉપરોકત વંચાણ-રમાં લીધેલ ઠરાવ અન્વયે તેઓની લ્હેણી નિકળતી દિન-૩૦૦ ની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતરીત કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

૨/- મજકુર અનાર્મ પો.કો.નાઓને દિન-૩૦૦ રજાનો પુરો પગાર આમુખ-રમાં દર્શાવેલ ઠરાવ આધારે આકારવાનો રહેશે.

૩/- મજકુર કર્મચારીનો તા.૦૧/૧૧/૨૦૧૨ ના રોજ મુળ પગાર રૂ.૧૧૩૫૦/-વત્તા ગ્રેડ પે રૂ.૨૪૦૦/-કુલ રૂ. ૧૩૭૫૦/- છે.

૪/- સદરહુ હુકમની નોંધ કર્મચારીના સેવાપોથીમાં રજાના બેલેન્સમાં રજા ઉધાર કરી બેલેન્સ શુન્ય કરવામાં આવેલ છે.

**(૨૬૫) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૪૧૭/૨૦૧૨/૨૫૬૪૯ તા.૦૪/૧૨/૨૦૧૨**

એમ.ટી.વિભાગ, ખેડા ખાતે ફરજ બજાવતા ઇલે. ગ્રેડ-ર શ્રી બી.એ.પાટીલ નાઓએ પોતાની પુત્રીના લગ્ન તા.૨૭/૧૨/૨૦૧૨ ના રોજ હોઇ તા.૨૧/૧૨/૨૦૧૨ થી તા.૨૯/૧૨/૨૦૧૨ દિન-૦૯ ની પ્રાપ્ત રજા તા.૩૦/૧૨/૨૦૧૨ દિન-૦૧ ની પાછળની જાહેરરજાના લાભ સહિતની મંજુર કરવામાં આવેલ છે.

**(૨૬૬) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/હાજર/વ.૧૪૪૦/૭૯/૨૦૧૨/૨૫૮૫૩ તા.૦૬/૧૨/૨૦૧૨**

બાલાસિનોર પો.સ્ટે. ખાતે ફરજ બજાવતાં અ.પો.કો.મહેશભાઇ સુખાભાઇ બ.નં.૧૭૫૪ નાઓને **"એચ.આઇ.વી.પોઝીટીવ"** ની બિમારી હોવાથી તા.૨૧/૦૭/૨૦૧૨ થી પોતાની ફરજમાં ગેરહાજર રહેલ મજકુર અ.પો.કો.એ પ્રથમ ડો.અજય વી.પટેલ, જેઠોલી તા.બાલાસિનોરનાઓ પાસે ત્યાર બાદ ડો.રસીકભાઇ એ.પટેલ, રજીસ્ટર્ડ પ્રેક્ટીશનર્સ બાલાસિનોરની હોસ્પિટલમાં સારવાર કરાવેલ છે. આ ઉપરાંત મજકુર અ.પો.કો.ડો.ચંપકલાલ સી.શાહ,એમ.બી.બી.એસ.બાલાસિનોર પાસે સારવાર કરાવી તા.૨૦/૧૧/૨૦૧૨ ના રોજ મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી સાથે અત્રેની કચેરી ખાતે હાજર થવા આવેલ.

૨/- મજકુર અ.પો.કો.ને " એચ.આઇ.વી. પોઝીટીવ " ની બિમારી હોવાથી તેઓની શારીરિક તપાસણી કરાવી પો.કોન્સ.ની ફરજો બજાવવા યોગ્યતા ધરાવે છે કે કેમ? તે અંગેનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી હોઇ મજકુરને સિવિલ હોસ્પિટલ નડીયાદ ખાતે મેડીકલ બોર્ડમાં મોકલી આપવામાં આવેલ, જે અન્વયે આમુખ-ર ના પ્રમાણપત્રથી મજકુર આ.પો.કો.ને નિયમિત દવા લેવાની શરતે પો.કોન્સ.ની ફરજો બજાવવા માટે ફીટ જાહેર કરવામાં આવેલ છે. જેથી મજકુરને તા.૦૫/૧૨/૨૦૧૨ ક.સ.પહેલાથી હાજર ગણી બાલાસિનોર પો.સ્ટે. ખાતે ફરજ બજાવવા હાજર કરવામાં આવેલ છે.

૩/- મજકુર અ.પો.કો.ની તા.૨૧/૦૭/૨૦૧૨ થી તા.૦૪/૧૨/૨૦૧૨ દિન-૧૩૮ સુધી સીક સમયનો નિકાલ મેડીકલ સર્ટી આધારે **" પ્રાપ્ત રજા "** મંજુર કરવામાં આવેલ છે.

**(૨૬૭) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/પ્રા.રો.રૂ/૨૫૯૪૧/૨૦૧૨ તા.૭/૧૨/૨૦૧૨**

પોલીસ મુખ્ય મથક, ખેડા ખાતે ફરજ બજાવતાં અનાર્મ એએસઆઇ રફીમીંયા જીવામીંયા બ.નં.૧૧૬૨ નાઓ તા.૩૦/૧૧/૨૦૧૨ નારોજ સ્વૈચ્છિક નિવૃત થયેલ હોય, ઉપરોકત વંચાણ-રમાં લીધેલ ઠરાવ અન્વયે તેઓની લ્હેણી નિકળતી દિન-૨૮૩ ની પ્રાપ્ત રજા તથા દિન-૧૭ ની અર્ધપગારી રજાનું રોકડમાં રૂપાંતરીત કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

૨/- મજકુર અનાર્મ એએસઆઇનાઓને દિન-૨૮૩ રજાનો પુરો પગાર તથા આમુખ-રમાં દર્શાવેલ ઠરાવ આધારે દિન-૧૭ અર્ધપગારી રજાનો અડધો પગાર આકારવાનો રહેશે.

૩/- મજકુર કર્મચારીનો તા.૦૧/૧૧/૨૦૧૨ ના રોજ મુળ પગાર રૂ.૧૧૭૭૦/-વત્તા ગ્રેડ પે રૂ.૨૪૦૦/-કુલ રૂ. ૧૪૧૭૦/- છે.

૪/- સદરહુ હુકમની નોંધ કર્મચારીના સેવાપોથીમાં રજાના બેલેન્સમાં રજા ઉધાર કરી બેલેન્સ શુન્ય કરવામાં આવેલ છે.

**(૨૬૮) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૪૮૩/૨૦૧૨/૨૬૦૩૬ તા.૦૬/૧૨/૨૦૧૨**

નડીયાદ ટાઉન પો.સ્ટે. ખાતે ફરજ બજાવતા આ.પો.કો.બાબુભાઇ છગનભાઇ બ.નં.૫૭૯ નાઓએ પોતાના માતૃશ્રી તા.૦૫/૧૨/૨૦૧૨ ના રોજ અવસાન પામેલ હોઇ, દિન-૧૫ ની હક્ક રજા મંજુર કરવા વિનંતી કરેલ છે. જેથી તેઓની ખાસ કિસ્સામાં તા.૦૬/૧૨/૨૦૧૨ થી તા.૨૦/૧૨/૨૦૧૨ દિન-૧૫ ની પ્રાપ્ત રજા મંજુર કરવામાં આવેલ છે.

**(૨) બદલી વિભાગ**

----------------------------------------**નીલ**--------------------------------------------

**(૩) શિક્ષા વિભાગ**

**(૮૬) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/ફ.મો/૨૪૪૭૮/૨૦૧૨ તા.૧/૧૨/૨૦૧૨**

અનાર્મ પો.કો. ઇમરાનખાન સરમશખાન બ.નં.૧૩૧૮ નોકરી ડાકોર પો.સ્ટે.નાઓએ ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

ડાકોર પો.સ્ટે. ખાતેની ફરજ દરમ્યાન અત્રેની કચેરીના વી.એચ.એફ. એન.આર.નં.૨૩૧/૨૦૧૨ તા.૨૧/૧૧/૨૦૧૨ના આધારે તા.૨૨/૧૧/૨૦૧૨ના રોજ સવાર કલાક ૬/૩૦ વાગે જુનાગઢ ગિરનાર પરિક્રમા બંદોબસ્ત માટે ડાકોર પો.સ્ટે. ખાતેથી તમોને રવાના કરવામાં આવતાં તમો જુનાગઢ ખાતે પહોંચી તા.૨૨/૧૧/૨૦૧૨ ના રોજ જુનાગઢ એલ.સી.બી.ખાતે રીપોર્ટ કરેલ હતો. અને તમો તા.૨૩/૧૧/૨૦૧૨ થી તા.૨૭/૧૧/૨૦૧૨ સુધી જુનાગઢ ખાતે પરિક્રમા બંદોબસ્તની ફરજ બજાવી, તા.૨૭/૧૧/૨૦૧૨ના રોજ પરિક્રમા બંદોબસ્ત પાછો ખેંચવામાં આવે તે પહેલાં કોઇપણ ઉપરી અધિકારીને કોઇપણ જાતની જાણ કર્યા સિવાય કે કોઇપણ જાતની સુચના સિવાય અગત્યના બંદોબસ્તનું સ્થળ છોડી ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે.

૨/- તમો પોલીસ ખાતા જેવા શિસ્તબધ્ધ બેડામાં ફરજ બજાવો છો, પરિક્રમા જેવા અગત્યના બંદોબસ્તનું સ્થળ કોઇપણ ઉપરી અધિકારીને જાણ કર્યા સિવાય કે કોઇ સુચના સિવાય છોડવું ન જોઇએ તેવું તમો જાણતા હોવા છતાં પરિક્રમા બંદોબસ્તનું ફરજનું સ્થળ છોડી ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ હોઇ, તમારા વિરૂધ્ધની ખા.ત.નો નિકાલ ન આવે ત્યાં સુધી અગર તો પુનઃનિયુક્તનો હુકમ ન થાય ત્યાં સુધી હુકમ મળ્યા તારીખથી ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવે છે અને તમારૂં ફરજ મોકુફી દરમિયાનનું મુખ્ય મથક **" વિરપુર પોસ્ટે "** નક્કી કરવામાં આવેલ છે.

૩/- ફરજ મોકુફીના પ્રથમ છ માસ માટે તમો અર્ધપગારી રજા ઉપર હોય તો તમોને જે પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ જેટલું તમોને નિર્વાહભથ્થું મળશે.

૪/- ગુજરાત સિવિલ સર્વિસ રૂલ્સ ૨૦૦૨ (જોઈનીંગ ટાઈમ ફોરેન સર્વિસ વિ.) ના પ્રકરણ-૫ ના નિયમ-૬૮ અનુસાર ચુકવવામાં આવેલ નિર્વાહ ભથ્થાના દર પર મળવાપાત્ર રકમ જેટલું મોંઘવારી ભથ્થું તેમજ નિયમોનુસાર અન્ય મળવાપાત્ર ભથ્થા મળશે.

૫/- ફરજ મોકુફીના સમયગાળા દરમ્યાન તમો પોલીસ અમલદાર મટી જતા નથી, જે તમોએ ધ્યાનમાં રાખવું અને તમારી ફરજ મોકુફ કર્યા પહેલાની પોલીસ ખાતાની તમામ જવાબદારીઓ શિસ્ત અને નિયમને પાત્ર રહેશે, પરંતુ પોલીસ અમલદાર તરીકે સત્તાઓ, કર્તવ્ય અને હક્કો ફરજ મોકુફીના સમયમાં મોકુફ કરવામાં આવે છે.

૬/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તમારૂં મુખ્ય મથક છોડવાના પ્રસંગે સક્ષમ અધિકારીને પુરૂ સરનામું આપવાનું રહેશે. તથા જાણ કર્યા સિવાય મુખ્ય મથક છોડવામાં આવશે તો તમારુ નિર્વાહ ભથ્થું તે સમય માટે ચુકવવામાં આવશે નહી.

૭/- ગુજરાત સેવા વર્તણુંક નિયમો ૧૯૭૧ ના નિયમ-૧૫ ની જોગવાઈની દ્રષ્ટિએ ફરજ મોકુફીના સમય દરમ્યાન કોઈ ખાનગી નોકરી ધંધો કરી શકાશે નહી. જો ફરજ મોકુફીના સમય દરમ્યાન નોકરી ધંધો કરશો તો તે ગેરવર્તણુંક બદલ ગુનેગાર ઠરશો અને તમારા વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવાને પાત્ર થશે અને નિર્વાહ ભથ્થું મેળવવાનો હક્ક પણ ગુમાવશો.

**(૮૭) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૫૬૭૭/૨૦૧૨ તા.૪/૧૨/૨૦૧૨**

હું મકરંદ ચૌહાણ, પોલીસ અધિક્ષક, ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો-૧૯૫૬ના નિયમ-૩માં મને મળેલ સત્તાની રૂએ, અનાર્મ એ.એસ.આઇ વીરસિંહ ગૌતમભાઇ બ.નં.૯૬૭ નોકરી બાલાશિનોર પો.સ્ટેનાઓને અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૧૬૯૧/૨૦૧૨ તા.૧૮/૧૦/૨૦૧૨ પત્રથી ફરમાવેલ સીધી કારણદર્શક નોટિસ સાબિત રહેતી હોઇ " **રૂ.૭,૫૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુર) "** રોકડ દંડની શિક્ષા કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

## (૪) <u>ઈજાફા/ બઢતી</u>

----------------------------નીલ-----------------------------

## <u>(૫) ઇનામ વિભાગ</u>

----------------------------નીલ-----------------------------

## (૬) <u>રાજીનામું/નિમણુંક/નિવૃત/અન્ય વિભાગ</u>

**(૧૨૫) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૪૬૯/૨૦૧૨/૨૫૫૪૭ તા.૧/૧૨/૨૦૧૨**

ખેડા હેડકવાર્ટસ ખાતે ફરજ બજાવતા આ.પો.કો હાથીભાઇ પુંજાભાઇ બ.નં.૬૬૬નાઓ તા.૦૨/૦૮/૨૦૧૨ ના રોજ સ્વામીનારાયણ મંદીર ખાતે બંદોબસ્તમાં જતા હતા તે દરમ્યાન બાઇક સાથે કુતરૂં અથડાતા અકસ્માત થતાં ડાબા પગે ફ્રેક્ચર થયેલ મજકુર પો.કો.એ પ્રથમ તા.૦૨/૦૮/૨૦૧૨ થી તા.૧૩/૦૮/૨૦૧૨ સુધી ઉત્કર્ષ હોસ્પીટલ નડીયાદ ખાતે અંદરના દર્દી તરીકે દાખલ રહેલ હતા ત્યાર બાદ બહારના દર્દી તરીકે સારવાર લીધેલ છે. મજકુર પો.કો.ની તબિયત સારી થતાં મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી સાથે અત્રે હાજર થવા આવતાં તેઓને આજ તા.૦૧/૧૨/૨૦૧૨ ના રોજ કચેરી સમય પહેલાંથી ખેડા હેડકવાર્ટસ ખાતે ફરજ બજાવવા હાજર કરવામાં આવેલ છે.

૨/- મજકુર આ.પો.કો.ની મેડીકલ સર્ટી આધારે તા.૦૨/૦૮/૨૦૧૨ થી તા.૩૦/૧૧/૨૦૧૨ દિન-૧૨૧ ની સુધીની રૂપાંતરીત રજા મંજુર કરવામાં આવે છે.

૩/- ડો. ઉત્કર્ષ એસ.ખત્રી, ઉત્કર્ષ હોસ્પિટલ નડીયાદનાઓએ તા.૩૦/૧૧/૨૦૧૨ થી ઇસ્યુ કરેલ ફીટનેશ સર્ટીફિકેટમાં મજકુરની પાસે **"લાઇટ ડયુટી "** લેવા સલાહ આપેલ હોઇ બીજો હુકમ ન થાય ત્યાં સુધી તેઓ પાસેથી **"લાઇટ ડયુટી "** લેવા જણાવવામાં આવેલ છે.

**(કે.એન.રાજપુત)**
કચેરી અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
ખેડા-નડીયાદ

**પ્રતિ,**

જીલ્લાના તમામ પોલીસ અમલદારો તરફ/તમામ સી.પી.આઇ./રીપોસઈ ખેડા હેકવા./તમામ શાખા

**નકલ રવાનાઃ-** મદદનીશ પો.અધિ.શ્રી નડીયાદ/ના.પો.અધિ.કપડવંજ/મુ.મ.ખેડા-નડીયાદ
હિસાબી શાખા (૪ પ્રત)/ડીપીજી